GCCI

# એજન્ડા

## કારોબારી સમિતિની માસિક સભા

| | |
|---|---|
| તારીખ અને વાર | : બુધવાર, ૨૭ નવેમ્બર ૨૦૧૯ |
| સમય | : સાંજે ૪-૦૦ કલાકે |
| સ્થળ | : શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સમિતિ ખંડ, આશ્રમરોડ અમદાવાદ |


### ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,
પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨
ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪
ઈ-મેઈલ : gcci@gujaratchamber.org
વેબસાઈટ : www.gujaratchamber.org

૨૧ નવેમ્બર, ૨૦૧૯

પ્રતિ,
કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા બુધવાર તા. ૨૭-૧૧-૨૦૧૯ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ વી. બુચના અધ્યક્ષસ્થાને શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ, ગુજરાત ચેમ્બર, આશ્રમરોડ, અમદાવાદ-૯ ખાતે નીચેના કામકાજ માટે મળશે.

## : એજન્ડા :

| I | આઇટેમ | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | પાના નં. |
|---|---|---|---|
| | ૧. | તા. ૨૨-૧૦-૨૦૧૯ના રોજ મળેલી કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા. | ૧ થી ૯ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો. | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો- (૧૫ ઓક્ટોબર થી ૧૫ નવેમ્બર, ૨૦૧૯ દરમ્યાન) | ૧૦ |
| | | ૨.૨ ૧૫ ઓક્ટોબર થી ૧૫ નવેમ્બર, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો. | ૧૦ થી ૧૧ |
| | | ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ | ૧૧ |
| | | ૨.૪ અન્ય માહિતી. | ૧૧ થી ૧૨ |
| | ૩. | કમિટી અને સલાહકારી સમિતિના અહેવાલો. | |
| | | ૩.૧ કમિટીઓની મીટીંગના અહેવાલો. | ૧૨ |
| | | ૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી. | ૧૩ |
| III | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૪. | સ્ક્રુટિની સમિતિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. | |
| | ૫. | સભ્યો દ્વારા વેપાર-ઉદ્યોગના પ્રશ્નો વિષે રજૂઆત અને સૂચનો અંગે ચર્ચા. | |
| | ૬. | ચેમ્બરની વિવિધ કમિટિઓના ઉપક્રમે થયેલ કાર્યવાહીની જાણ કરવા અને આગળની કામગીરીના રોડ-મેપ અંગે ચર્ચા કરવા. | |
| | ૭. | AEPC ના લીઝ એગ્રીમેન્ટની મુદ્દત પુરી થતાં નિર્ણય કરવા અંગે. | |
| | ૮. | PERU સ્થિત INCHAM સાથે MOU કરવા અંગે ચર્ચા કરવા. | |
| | ૯. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૧૦. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,
આપનો વિશ્વાસુ,

તન્મય મહેતા
*સેક્રેટરી જનરલ*

# કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

મિટિંગ નં. : ૫/૨૦૧૯-૨૦
તારીખ : ૨૨-૧૦-૨૦૧૯
સ્થળ : શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ
પ્રમુખ : શ્રી દુર્ગેશ બુચ

**એનેક્ષર - એ મુજબ આ મિટિંગમાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.**

**એજન્ડા :**

**આઇટેમ નં. ૧**

➢ સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તા. ૩૦-૯-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

આથી તા. ૩૦-૯-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૨**

૨.૧ થી ૨.૩ તા. ૧૫ સપ્ટેમ્બર થી ૧૫ ઓક્ટોબર, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમો તેના અહેવાલો (એક્ઝીક્યુટીવ સમરી) અને ગુજરાત ચેમ્બર તરફથી કરવામાં આવેલ રજૂઆતો તથા ચેમ્બર તરફથી ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન અને અખબારી નિવેદનોની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની સમિતિને જાણ કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ તેની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૩**

૩.૧ ગુજરાત ચેમ્બરની વર્કીંગ કમિટીઓની તા. ૧૫ સપ્ટેમ્બર થી ૧૫ ઓક્ટોબર, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મીટીંગોની ચર્ચા કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

૩.૨
- પ્રમુખશ્રીએ તા. ૧૫ સપ્ટેમ્બર થી ૧૫ ઓક્ટોબર, ૨૦૧૯ માસ દરમ્યાન મળેલ સલાહકારી સમિતિની મીટીંગોની અને આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ ચેમ્બરના પ્રતિનિધિઓ દ્વારા આમાં થયેલ કાર્યવાહીની વિગતોની જાણ કરી હતી.
- પ્રમુખશ્રીએ ગુજરાત ચેમ્બર અને GDMA ના સંયુક્ત ઉપક્રમે CPCB, દિલ્હી ખાતે જે રજૂઆત કરવામાં આવી હતી તેની વિગતો આપવા શ્રી યોગેશ પરીખને જણાવ્યું હતું.
- શ્રી યોગેશ પરીખે જણાવ્યું હતું કે તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૯ના રોજ NGT ના ઓર્ડરને કારણે પર્યાવરણ અંગેના ઘણાં પ્રશ્નો સર્જાયા હતા અને નાના કે મધ્યમ કદના નવા ઉદ્યોગો સ્થાપિત થઇ શકતા ન હતા. વધુમાં GPCB દ્વારા લગભગ ૪૨૧ અરજીઓને કેન્સલ કરી બંધ કરી દેવામાં આવી હતી.

- આ અંગે અગાઉ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રીય મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરને પણ મળીને રજૂઆત કરવામાં આવી હતી. જેના ફળસ્વરૂપે ગાઇડલાઇનની ડ્રાફ્ટ કોપી સરકારશ્રી દ્વારા મોકલી આપવામાં આવી હતી અને તેમાં સુધારા-વધારા અંગેના સૂચનો મંગાવવામાં આવ્યા હતા. આ અનુસંધાને GCCI અને GDMA દ્વારા તા. ૧૬-૧૦-૨૦૧૯ના રોજ CPCB સાથે દિલ્હીમાં વિસ્તૃત મિટિંગ કરવામાં આવી હતી જેમાં ડ્રાફ્ટ કોપીમાં ઘણાં સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા.
- આ સૂચનોમાંના અમુક મુખ્ય સૂચનોમાં ૨૦૧૬ના ડ્રાફ્ટને પણ ધ્યાને લેવા રજૂઆત, જે ઔદ્યોગિક વસાહતને ક્રીટીકલી પોલ્યુટેડ તરીકે ગણવામાં આવ્યું હોય તેને જ માત્ર નિયંત્રિત કરવા અને સંપૂર્ણ શહેરના બધાં જ ઔદ્યોગિક વિસ્તારોને ક્રીટીકલી પ્રદુષિત ગણવા, અને બી-૧, બી-૨ કેટેગરી અંગેની જવાબદારી અને સત્તા રાજ્યના પ્રદુષણ નિયંત્રણ બોર્ડને આપવા જેવી રજૂઆતોનો સમાવેશ થાય છે.
- શ્રી યોગેશભાઇએ વધુમાં જણાવ્યું હતું કે CPCB દ્વારા આ સૂચનોને સકારાત્મક રીતે લેવામાં આવ્યા હતા અને દસેક દિવસ સુધીમાં વન અને પર્યાવરણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા સુધારેલી ગાઇડલાઇન બહાર પાડવામાં આવશે તેવી હૈયાધારણ આપવામાં આવી હતી.
- સમિતિના સભ્યોએ નોંધ લીધી હતી.

**<u>આઇટેમ નં. ૪</u>**

➢ તા. ૨૧-૧૦-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં થયેલ કાર્યવાહીની વિગતો આપતાં માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે આ મિટિંગમાં નવા સભ્યો અંગે કુલ-૧૨ અરજીઓ આવી હતી જે તમામ ૧૨ અરજીઓને મંજુર કરવામાં આવી હતી જેને કારોબારી સમિતિની મંજુરી માટે મુકવા ભલામણ કરવામાં આવી હતી, જ્યારે સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના નામમાં કે કેટેગરીમાં ફેરફાર અંગે કુલ-૪ અરજીઓ મળી હતી જે તમામ ૪ અરજીઓને મંજુર કરવામાં આવી હતી.

- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સ્ક્રુટિની સમિતિએ આપેલ અહેવાલની નોંધ લઇ સર્વાનુમતે મંજુર કરી ઠરાવ કર્યો હતો.

**<u>ઠરાવ નં. ૨</u>**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૬-૯-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં મંજુર કરી ભલામણ કરવામાં આવેલ નવા સભ્યોની કુલ-૧૨ અરજીઓ મળી હતી જે એનેક્ષર-બી મુજબ તમામ અરજીઓને મંજુર કરવામાં આવે છે, જ્યારે ચેમ્બરના સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિના નામમાં કે કોઇ પણ કેટેગરીમાં ફેરફારની કુલ-૪ અરજીઓ મળી હતી તે તમામ ૪ અરજીઓને એનેક્ષર-સી મુજબ મંજુર કરવામાં આવી છે.

**<u>આઇટેમ નં. ૫</u>**

➢ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે તા. ૩૦-૯-૧૯ના રોજ મળેલ અસાધારણ સામાન્ય સભામાં મંજુર થયેલ સુધારાઓને તાત્કાલિક અમલ કરવાનો થાય છે. આ સુધારા પાછળનો હેતુ અને સુધારા કરવાનું નક્કી કરવાનો મુખ્ય આશય મહિલાઓનું સશક્તિકરણ મજબૂત કરવાનું અને વુમન એન્ટરપ્રિન્યોરને પ્રોત્સાહન આપવાનો હતો. આ હેતુ મુજબ નવી વ્યવસ્થા રચીશું અને આ મુખ્ય

ઉદ્દેશ ભુલાય નહીં તેની જવાબદારી આપણાં સૌની પણ થાય છે. ચેમ્બરના હોદ્દેદારોએ નક્કી કર્યા મુજબ બિઝનેસ વિમેન વિંગના અમુક એક્ટીવ અને સિનિયર સભ્યો સાથે દિવાળી પછી એક ઇન્ફોર્મલ મિટિંગ કરી અને બિઝનેસ વિમેન વિંગ કમિટિને અમલ કરવાનું એક માળખું તૈયાર કરવાનું વિચારણા હેઠળ છે.

- પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આ મિટિંગમાં જે પણ સભ્યોને રસ હોય તેઓ ઉપસ્થિત રહી શકે છે.
- આપ સૌની મંજુરી હોય તો આ અંગેની કાર્યવાહી આગળ વધારીએ.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યો દ્વારા સર્વાનુમતે આની મંજુરી આપી ઠરાવ કર્યો હતો.

**<u>ઠરાવ નં. ૩</u>**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૦-૯-૨૦૧૯ની અસાધારણ સભામાં મંજુર કરવામાં આવેલ બંધારણના સુધારા મુજબ બિઝનેસ વિમેન વિંગ કમિટિની આગળની કાર્યવાહી કરવાની સત્તા સર્વાનુમતે ચેમ્બરના હોદ્દેદારોને આપવામાં આવે છે.

**<u>આઇટેમ નં. ૬</u>**

- તા. ૩૦-૯-૧૯ના રોજ મળેલી અસાધારણ સામાન્ય સભાની મિટિંગમાં મંજુર થયેલ બંધારણના સુધારા ૭(બી) પ્રમાણે સ્ક્રુટિની કમિટિમાં એક સભ્યની જગ્યા ખાલી પડતા તે જગ્યા માટે નવા પ્રતિનિધિની નિમણૂક કરવાની થાય છે.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ સ્ક્રુટિની કમિટિમાં બિઝનેસ વિમેન વિંગના એક પ્રતિનિધિની જગ્યા હતી જે હવે બંધારણના સુધારા મંજુર થતા આ જગ્યા ખાલી પડે છે, પરંતુ સ્ક્રુટિની સમિતિમાં મહિલાનું પ્રતિનિધિત્વ રહે તે માટે આ ખાલી જગ્યામાં કારોબારી સમિતિમાં એક માત્ર મહિલા શ્રીમતી મીનાબેન કાવીયાને સ્ક્રુટિની સમિતિમાં નિમણૂક અંગે વિનંતી કરીએ છીએ અને આપ સૌની મંજુરી હોય તો આ નિમણૂકને મંજુર કરીએ.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સ્ક્રુટિની સમિતિમાં શ્રીમતી મીનાબેન કાવીયાની નિમણૂકને સર્વાનુમતે મંજુર કરી બહાલી આપી હતી.

**<u>આઇટેમ નં. ૭</u>**

- ગુજરાત રાજ્યના વેપાર-વાણિજ્ય અને સેવાઓ ક્ષેત્રની નવી નીતિના ઘડતર માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે અને આ તમામ ટાસ્ક ફોર્સમાં ગુજરાત ચેમ્બરને પણ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.
- આ સંદર્ભે ચેમ્બરના માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે નવી ઇન્ડસ્ટ્રી અને ટ્રેડ પોલીસીના ઘડતર માટે ગુજરાત ચેમ્બર દ્વારા વિવિધ એસોસીયેશનો અને સભ્યોને આ અંગે સૂચનો મોકલવા ચેમ્બર દ્વારા જણાવવામાં આવ્યું છે.
- ગુજરાત ચેમ્બર દ્વારા ત્રણ રીમાઇન્ડર મોકલવામાં આવ્યા છે તેમ છતાં ચેમ્બરને આજ દિન સુધી પોલીસીને લગતા સૂચનો મળેલ નથી તો આપ સૌ સભ્યોને આપના એસોસીયેશનો માંથી આપને જે જરૂરી સૂચનો હોય તે સત્વરે મોકલી આપવા વિનંતી છે.

- વધુમાં તેમણે જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બર દ્વારા ખુબજ પ્રયત્નો કરીને ટ્રેડ પોલીસી અંગે રજૂઆત કરવામાં આવી હતી તો આપણાં સૌની ફરજ થાય છે કે ટ્રેડ પોલીસીને લગતા સૂચનો સરકારને આપવા જોઇએ.
- શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે તાજેતરમાં જે મિટિંગ થઇ હતી તેમાં સિંગલ વિન્ડો ક્લીયરન્સ, ડયુઅલ લાયસન્સ રદ કરવા, ટ્રેડ કમિશ્નરની અલગથી ઓફીસ કરવા અથવા વિભાગની રચના કરવા, દરેક વેપારીઓને ઉદ્યોગ આધાર જેવું આઇ.ડી. કાર્ડ આપવા વિગેરે જેવા સૂચનો અંગે રજૂઆત કરવામાં આવી હતી.
- શ્રી અનિલ સંઘવીએ જણાવ્યું હતું કે ઉપરોક્ત પ્રશ્નો ઉપરાંત ઉદ્યોગો માટે જી.આઇ.ડી.સી. ની જેમ જ વેપારીઓ માટે પણ અલગથી જગ્યાની ફાળવણી કરવા પણ રજૂઆત કરવામાં આવી છે.
- શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા સર્વિસ સેક્ટરમાં ટુરીઝમ ડીપાર્ટમેન્ટ સાથે ગુજરાતના ટુરીઝમ સ્થળોને વિકસાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી અને તે બાબતે સૂચનો પણ મંગાવવામાં આવ્યા છે. તો આપ સૌએ આ અંગેના સૂચનો મોકલવા વિનંતી છે.
- શ્રીમતી મીનાબેન કાવીયાએ ઔદ્યોગિક નીતિ અંગે ચેમ્બરના સૂચનો મોકલતા પહેલાં EDI કે IIM જેવી સંસ્થાઓ પાસે ડેટા તૈયાર કરાવી વ્યક્તિગત રજૂઆતને ધ્યાનમાં ના લેતાં ડેટાબેઝ સાથે રજૂઆત કરવી જોઇએ તેવું સૂચન કર્યું હતું.
- શ્રી બિપિનભાઇ શાહે ટ્રેડના વેપારીઓને જી.આઇ.ડી.સી. જેવી અલગ જગ્યા ફાળવવા અંગે રજૂઆત કરવાનું અનુમોદન આપ્યું હતું.
- શ્રી સૌરીન પરીખે અસરકારક રજૂઆત માટે ડેટા તૈયાર કરવા એજન્સીની નિમણૂક કરવી જોઇએ અને તેમણે વિવિધ સ્ટેટ અને વિવિધ દેશો સાથે કમ્પેરીઝન ડેટા તૈયાર કરાવવા જોઇએ જેથી અસરકારક રજૂઆત થઇ શકે તેમ જણાવ્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આપ સભ્યો માંથી કોઇને આવી સારી એજન્સીની જાણ હોય તો ચેમ્બરને માહિતી આપવા વિનંતી છે.
- શ્રી પ્રકાશ વરમોરાએ KPMG જેવી એજન્સીને નોલેજ પાર્ટનર તરીકે રાખી તેમનો સહકાર લેવા જણાવ્યું હતું.
- શ્રી ભાવેશ લાખાણીએ જણાવ્યું હતું કે ઘણાં સમય પહેલાં મસ્કતી કાપડ માર્કેટ મહાજનની અને બીજા એસોસીયેશનની રજૂઆત હતી કે ચેક રીટર્ન થાય તો તે પાર્ટી સામે કડક પગલાં લેવા જોઇએ અથવા તો આને રોકવા માટે સરકાર દ્વારા કડક નિયમો બનાવવા જોઇએ તેવી રજૂઆત કરી હતી.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બર તરફથી આ અંગે ભારતના માનનીય વડાપ્રધાનશ્રીને રજૂઆત મોકલી આપવામાં આવી છે અને આગળ ફોલો-અપ કરવામાં આવશે.

<u>પ્રમુખ સ્થાનેથી</u>

- શ્રી કિરીટભાઇ શાહે ફલીપકાર્ટ, એમેઝોન, વોલમાર્ટ અને અન્ય મોટાં મોલોની સામે નાના વેપારીઓને તેમનું અસ્તિત્વ ટકાવવાની મુશ્કેલીઓ છે તે માટે રજૂઆત કરવી જોઇએ અને

પોલીસીને લગતા સૂચનો માટે નાના નાના મહાજનોને પણ સરક્યુલર મોકલવો જોઇએ તેમ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ચેમ્બર પાસે જે પોલીસી અંગેના સૂચનો આવ્યા છે તે દરેક એસોસીયેશન અને મહાજનને સરક્યુલેટ કરી છેલ્લી તારીખ આપીને ફરીથી મોકલવા જોઇએ જેથી તેઓ આ ઉપરાંતના જે સૂચનો હોય તે મોકલી શકે.

- શ્રી કિરીટભાઇએ FDI અને e-commerce ના નિયમો જુદા હોવા જોઇએ તેવી સરકારમાં રજૂઆત કરવા સૂચન કર્યું હતું. વધુમાં તેમણે વેન્ડર્સ પોલીસી બનાવવી જોઇએ તેવી સરકારમાં રજૂઆત કરવા જણાવ્યું હતું. તેમણે ઘણાં સમયથી પેન્ડીંગ પ્રશ્નો, મ્યુનિ. ટેક્ષની પણ રજૂઆત અંગે સૂચન કર્યું હતું.
- શ્રી કિરીટભાઇએ FICCI, CII અને ASSOCHAM જેવી સંસ્થાઓને સાથે રાખી RCEP અંગે રજૂઆત કરવા સૂચન કર્યું હતું. તેમણે વેપારીઓના વિવિધ પ્રશ્નો અંગે ઓપન હાઉસ કરવા અંગે ભાર મૂક્યો હતો. વધુમાં તેમણે ખેડૂતોને ટેકાના ભાવ મળતા નથી તે અંગે રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી નિલેષભાઇ શુક્લએ માર્કેટીંગ પોલીસી અંતર્ગત જે સબસીડી આપવામાં આવે છે તે વણ વપરાયેલી સબસીડી બીજા એકમોને ફાળવી આપવી જોઇએ અને વેન્ડર ડેવલપમેન્ટનું કાર્ય કરવા સૂચન કર્યું હતું.
- શ્રી હિતેન વસંતે ખેડૂતોને પુરતા ભાવ મળતા નથી તે અંગે ચેમ્બરમાં રજૂઆત કરી હતી તેમાં આગળ શું કાર્યવાહી થઇ તે અંગે જણાવ્યું હતું. આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રી સેક્રેટરીએટને સૂચના આપી હતી કે જે રજૂઆત કરવામાં આવી હતી તેની એક નકલ દરેક કારોબારી સમિતિના સભ્યોને મોકલી આપવી.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ટ્રાફીકના પ્રશ્નો અંગે વિવિધ એસોસીયેશનો સાથે એક મિટિંગ કરી હતી અને આ મિટિંગ બાદ રજૂઆત તૈયાર કરી મોકલી આપી હતી. પરંતુ તેની સામે ટ્રાન્સપોર્ટ એસોસીયેશન તરફથી કોઇ પ્રત્યુત્તર આવેલ નથી.
- શ્રી કિરીટભાઇ શાહે દર ત્રણ મહિને પ્રશ્નોની જે રજૂઆત કરવામાં આવે છે તેનો રીવ્યુ કરવા સૂચન કર્યું હતું અને દર ૬ મહિને અધિકારીઓ કે મંત્રીશ્રીઓ સાથે મિટિંગ કરવા સરકારને જણાવવા સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ બાબતે સરકારમાં રજૂઆત કરવામાં આવશે.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ઓનલાઇન બીઝનેસ અને રીટેઇલ ટ્રેડ બંનેના અલગ-અલગ પ્રકાર છે. બંનેના ઉદ્દેશ અલગ છે માટે તેની નીતિ પણ અલગ હોવી જોઇએ તેવી રજૂઆત કરવામાં આવી છે.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે સમાધાન યોજના અંગે ભારતના નાણામંત્રીશ્રી નિર્મલા સીતારમન ને જે રજૂઆત કરવામાં આવી હતી તે બાબતે ચેમ્બર સાથે મિટિંગ કરવામાં આવનાર છે. આ ઉપરાંત ગુજરાતના માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પણ આ બાબતોને ચેમ્બર સાથે સમજાવી ચર્ચા કરવા બોલાવેલ છે તેની સભ્યોને જાણ કરી હતી.
- પ્રમુખશ્રીએ "મહાજન નો માંડવો" દર અઠવાડિયે કરવામાં આવનાર કાર્યક્રમની વિગતવાર માહિતી સભ્યોને આપી હતી. વધુમાં તેમણે હવે પછીની કારોબારી સમિતિની મિટિંગ કમિટિના

ચેરમેનને તેમની કમિટિના નેજા હેઠળ જે કાર્યવાહી કરવામાં આવે તે હવે પછી કરવામાં આવશે તે મુદ્દો ખાસ રહેશે તેમ જણાવ્યું હતું.

- પ્રમુખશ્રીએ શ્રી પથિક પટવારીએ ઘરમાં સ્વજન ગુમાવ્યા હોવા છતાં ચેમ્બરના કામના અગત્યતા આપી જે કામ કર્યું છે અને અત્યાર સુધી સૌથી વધુ કાર્યનું ભારણ તેમણે લીધું છે તે માટે સ્વજન ગુમાવ્યાનું દુઃખ વ્યકત કરી શ્રી પથિકભાઇને અભિનંદન આપ્યા હતા.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ પણ શ્રી પથિકભાઇને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોને દિવાળીની શુભેચ્છા આપી મિટિંગ પુરી થયેલી જાહેર કરી હતી.

**તન્મય મહેતા**
***સેક્રેટરી જનરલ***

**દુર્ગેશ બુચ**
***પ્રમુખ***

## એનેક્ષરઃ એ

**(તા. ૨૨-૧૦-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી)**

૧. શ્રી દુર્ગેશ બુચ
૨. શ્રી ભાર્ગવ ઠક્કર
૩. શ્રી સંજીવ છાજર
૪. શ્રી પથિક પટવારી
૫. શ્રી દિલીપ પાધ્યા
૬. શ્રી અનિલ સંઘવી
૭. શ્રી આશીષ ઝવેરી
૮. શ્રી કિરીટ શાહ
૯. શ્રી કનુભાઇ પટેલ
૧૦. શ્રી શીવરામભાઇ પટેલ
૧૧. શ્રી યોગેશ ડી. શ્રીધર
૧૨. શ્રી બિપીન એમ. શાહ
૧૩. શ્રી આશિષ ગુરુ
૧૪. શ્રી કે.આઇ.પટેલ
૧૫. શ્રી સૌરીન પરીખ
૧૬. શ્રી નવરોઝ તારાપોર
૧૭. શ્રી યોગેશ પરીખ
૧૮. શ્રી જીગીશ કે. શાહ
૧૯. શ્રી શૈશવ શાહ
૨૦. શ્રી ડી. એસ. દોશી
૨૧. શ્રીમતી મીના કાવીયા
૨૨. શ્રી અંબર જે. પટેલ
૨૩. શ્રી સ્નેહલ લાવસી
૨૪. શ્રી નિલેષ દેસાઇ
૩૪. શ્રી કિરીટ એન. પટેલ
૩૫. શ્રી અશોક પી. પટેલ
૩૬. શ્રી નિલેષ શુક્લ
૩૭. શ્રી જતીન ત્રિવેદી
૩૮. શ્રી આસિત શાહ
૩૯. શ્રી મિહિર પટેલ
૪૦. શ્રી અપૂર્વ કે. શાહ
૪૧. શ્રી જીતેન્દ્ર સી.પટેલ
૪૨. શ્રી બકુલ પંડયા
૪૩. શ્રી દિપક એ. શાહ
૪૪. શ્રી દેવાંગ
૪૫. શ્રી જૈનિક વકીલ
૪૬. શ્રી ભાવેશ પી. શાહ
૪૭. શ્રી હેમંત શાહ
૪૮. શ્રી હિતેન વસંત
૪૯. શ્રી શ્રેણીક મર્ચન્ટ
૫૦. શ્રી જીગીશ દોશી
૫૧. શ્રી પ્રકાશ વરમોરા
૫૨. શ્રી કનુભાઇ અગ્રવાલ
૫૩. શ્રી કૈલાસ ગઢવી
૫૪. શ્રી ભાવેશ લાખાણી
૫૫. શ્રી પ્રફુલ્લ તલસાણીયા
૫૬. શ્રી ગૌરાંગ ભગત
૫૭. શ્રી ચેતન શાહ

**એનેક્ષર-બી**

**મંજૂર થયેલા સભ્યોની યાદી**

| | Membership Name | Representative | Category |
|---|---|---|---|
| 1. | Anmol Teleservices | Kamlesh Jayaswal | Firm-Local |
| 2. | Vishal Containers Ltd. | Arvind Patel | Regional-Local |
| 3. | Krinesh Natwarlal Patel | Krinesh Natwarlal Patel | Life-Local |
| 4. | Vikram Chhaganlal Patel | Vikram Chhaganlal Patel | Life-Local |
| 5. | Corporate Petroleum | Ashok Patel | Firm-Local |
| 6. | Gajanan Submersible Pump | Jigar Thakkar | Firm-Regional |
| 7. | Reva Print Pack | Vimal Patel | Firm-Regional |
| 8. | M S Khatri & Associates | Mulchand Khatri | Firm-Regional |
| 9. | Karyin HR Solutions | Hiral Dikshit | Firm-Regional |
| 10. | Prathmesh Chhaganlal Patel | Prathmesh Chhaganlal Patel | Life-Local |
| 11. | Ajay R Mody & Co | Viral Mody | Firm-Local |
| 12. | Amir Tours & Travels | Anwerali Patel | Firm-Local |

## એનેક્ષર-સી

**મંજૂર થયેલ પ્રતિનિધિના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Momin Travels Pvt. Ltd. | Firdoskhan Pathan | Mohammedayaz Shaikh |
| 2. | Gujarat Iron & Steel Federation | Dinesh Bhalavat<br>Uttpal Patel | Jayesh Shah<br>Jagjivan Patel |

**મંજૂર થયેલ પ્રતિનિધિની કંપનીના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Mahavir Trading Co. | Panam Texfab Pvt Ltd | No |

**મંજૂર થયેલા પ્રતિનિધિની કંપનીના સરનામામાં ફેરફારની યાદી.**

| Sr. No. | Name of Member | Old Address | New Address |
|---|---|---|---|
| 1. | Bhagwatprasad M. Patel | C/o.Manilal Gopaldas Patel,411/10/5, Chokha Bazar, Kalupur,Ahmedabad | C/o.Manilal Gopaldas Patel, A/1505, Privilon, B/H.Iscon Temple,Ambli-Bopla Road,Ahmedabad |

## આઇટેમ નં. ૨

### ૨.૧ અગત્યના પ્રસંગો (૧૫ ઓક્ટોબર થી ૧૫ નવેમ્બર, ૨૦૧૯ દરમ્યાન) :

| | | | |
|---|---|---|---|
| શુક્રવાર | તા. ૧૧-૧૦-૨૦૧૯ | સાંજે ૪-૦૦ કલાકે | ગુજરાત ચેમ્બર દ્વારા "GCCI Aspire Empowering Inspiration of India Startups" Series-1 યોજવામાં આવેલ કાર્યક્રમ. |
| ગુરુવાર | તા. ૭-૧૧-૨૦૧૯ | સાંજે ૪-૩૦ કલાકે | Kazakhistanનું ડેલીગેશન ગુજરાત ચેમ્બરની મુલાકાતે. |
| ગુરુવાર | તા. ૧૪-૧૧-૨૦૧૯ | સવારે ૯-૦૦ કલાકે | GCCI IPR કમિટિના ઉપક્રમે "Student Innovation Challenge" વિષય યોજવામાં આવેલ કાર્યક્રમ. |
| સોમવાર | તા. ૧૮-૧૧-૨૦૧૯ | સાંજે ૭-૦૦ કલાકે | Flawders ders Investment & Trade અને GCCI ના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ કાર્યક્રમ. |
| મંગળવાર | તા. ૧૯-૧૧-૨૦૧૯ | બપોરે ૩-૩૦ કલાકે | ઇન્ડોનેશીયાનું ડેલીગેશન ગુજરાત ચેમ્બરની મુલાકાતે. |
| મંગળવાર | તા. ૧૯-૧૧-૨૦૧૯ | સાંજે ૭-૦૦ કલાકે | GCCI દિવાળી સ્નેહ મીલનનું આયોજન. |
| સોમવાર | તા. ૧૧-૧૧-૨૦૧૯ | બપોરે ૩-૩૦ કલાકે | ભારત સરકારના વિદેશ મંત્રાલયના જોઇન્ટ સેક્રેટરી શ્રી. સંદિપ આર્યા સાથે કરેલ મિટિંગ. |
| શનિવાર | તા. ૧૨-૧૦-૨૦૧૯ | સવારે ૧૧-૦૦ કલાકે | GCCI, WIRC અને ICAI, અમદાવાદના ઉપક્રમે "Micro Diessection & Macro Arithmetic of Corporate Tax Cut" વિષયે યોજવામાં આવેલ સેમિનાર. |
| મંગળવાર | તા. ૧૫-૧૦-૨૦૧૯ | સાંજે ૫-૦૦ કલાકે | ગુજરાત સરકારની ટ્રેડ, કોમર્સ અને સર્વિસ સેક્ટરની નવી ઔદ્યોગિક નીતિ અંગે પોલીસીને લગતા સૂચનો મેળવવા યોજવામાં આવેલ મિટિંગ. |
| ગુરુવાર | તા. ૧૭-૧૦-૨૦૧૯ | સાંજે ૪-૦૦ કલાકે | ગુજરાત ચેમ્બરના ઉપક્રમે MSME-DI નિકાસકારો સાથે કરેલ મિટિંગ. |

### ૨.૨ ચેમ્બરની રજૂઆતો

- ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ ડ્રાફ્ટ મીકેનીઝમમાં સુધારાઓ અંગે CPCB ના ચેરમેન શ્રી એસ. પી. સિંગ પરિહાર,IAS ને પાઠવેલ રજૂઆત. (તા. ૧૬-૧૦-૨૦૧૯)
- ચેક બાઉન્સ થવાના કિસ્સામાં જે વેપારીને ચેક બાઉન્સ થયો હોય તેના વિરુદ્ધ કડક પગલાંઓ લેવા અંગે ભારત સરકારના માનનીય કાયદામંત્રી શ્રી રવિશંકર પ્રસાદને કરેલ રજૂઆત. (તા. ૧૭-૧૦-૨૦૧૯)
- ટોરેન્ટ દ્વારા એચ.ટી. લાઇન નાંખતી વખતે જરૂરી જગ્યાનું ફેક્ટરીની અંદર અભાવ હોવાથી વૈકલ્પિક વ્યવસ્થા કરવા અંગે ટોરેન્ટ પાવર લીમીટેડના મેનેજીંગ ડીરેક્ટરને પાઠવેલ પત્ર. (તા. ૧૯-૧૦-૨૦૧૯)
- ભારે તથા મધ્યમ પ્રકારના માલવાહક વાહનોના પ્રવેશ અંગે અમુક જરૂરી છુટછાટો આપવા સંયુક્ત પોલીસ કમિશ્નર (ટ્રાફીક), અમદાવાદ, શ્રી જે. આર. મથલીયાને પાઠવેલ રજૂઆત. (તા. ૧૯-૧૦-૨૦૧૯)

> ચેક બાઉન્સ/ રીટર્ન થવાને કારણે વેપાર-ઉદ્યોગને પડતી મુશ્કેલીઓ અંગે અને આવા સંજોગોમાં ચેક આપનાર વેપારી વિરુદ્ધ કડક પગલાંઓ લેવા અંગે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને પાઠવેલ રજૂઆત. (તા. ૧૯-૧૦-૨૦૧૯)

> આકારણી વર્ષ ૨૦૧૮-૧૯ માટેની સ્કુટિનીની નોટીસ આવ્યાથી ૧૫ દિવસ પછી પણ પ્રત્યુત્તર ન મળવા અંગે ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનને પાઠવેલ રજૂઆત. (૨૧-૧૦-૨૦૧૯)

> ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ એમનેસ્ટી સ્કીમ-૨૦૧૯ અંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ પાઠવેલ સૂચનો (તા. ૨૨ અને ૨૪-૧૦-૨૦૧૯)

> ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ (લેવલીંગ એન્ડ ડીસ્પલે રેગ્યુલેશન્સ-૨૦૧૮) અંગે ગુજરાતના ફુડ સેફ્ટી કમિશ્નર ડો. એચ. જી. કોશીયાને પાઠવેલ સૂચનો. (તા. ૨૩-૧૦-૨૦૧૯)

> કો-ઓપરેટીવ અને અન્ય બેન્કોના ઇન્સ્યોરન્સ કવરને વધારવા તેમજ આ બેન્કોના ખાતેદારોને થાપણ અને ઋણ બાંહેધરી નિગમ (DICGC)અંતર્ગત પ્રિમીયમ ભરવા સામે વીમા કવચનો લાભ આપવા બાબતે ભારત સરકારના માનનીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહને પાઠવેલ રજૂઆત. (તા. ૨૬-૧૦-૨૦૧૯)

> જી.આઇ.ડી.સી. નિગમના કાર્યમાં અવરોધરૂપ થતાં અધિકારીઓની બદલી બાબતે ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ પત્ર. (તા. ૫-૧૧-૨૦૧૯)

> જમીનની હેતુસર શરતફેર સમયે જમીનના વેચાણ ઉપર પ્રિમિયમની રકમમાં ઘટાડો કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ રજૂઆત. (તા.૫-૧૧-૨૦૧૯)

> ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રીશ્રીના ઓફીસ મેમોરેન્ડમ તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ના અનુસંધાને એન્વાયર્મેન્ટલ કલીયરન્સ (EC)ની અરજીનો તાત્કાલિક ધોરણે નિકાલ કરવા અંગે (GPCB) ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન ડો. રાજીવ ગુપ્તા,IAS ને પાઠવેલ રજૂઆત. (૭-૧૧-૨૦૧૯)

> ગુજરાત રાજ્ય માટેની નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૧-૨૫ અંગે ગુજરાતના જોઇન્ટ કમિશ્નર ઓફ ઇન્ડસ્ટ્રીઝ શ્રી એ. એમ. પંચાલને પાઠવેલ સૂચનો. (તા. ૯-૧૧-૨૦૧૯)

> અપીલ ઇફેક્ટ ઓર્ડરો પાસ કરવામાં વધુપડતો વિલંબને કારણે પડતી મુશ્કેલીઓ અંગે ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રી નિર્મલા સીતારમનને પાઠવેલ રજૂઆત. (તા. ૧૩-૧૧-૨૦૧૯)

## ૨.૩ અન્ય માહિતી

### એક્શન ટેકન રીપોર્ટ

> તા. ૨૬-૧૦-૨૦૧૯ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કો-ઓપરેટીવ તેમજ અન્ય બેન્કોના ખાતેદારોને DICGC ના પ્રિમીયમ સામે મળતા રૂા.૧,૦૦,૦૦૦/- ના વીમા કવચને વધારવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. આ અનુસંધાને તા. ૧૫ નવેમ્બર, ૨૦૧૯ના રોજ ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન દ્વારા આ વીમા કવચને વધારવા અંગેની વિચારણા ચાલી રહી છે તેવી જાહેરાત કરી છે.

## ૨.૪ અન્ય માહિતી

### સર્ટીફીકેટ ઓફ ઓરીજીન :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૧૮ ૩૯૪૨ | મે-૧૮ ૩૯૮૧ | જુન-૧૮ ૩૮૬૩ | જુલાઇ-૧૮ ૩૫૫૨ | ઓગષ્ટ-૧૮ ૩૮૩૫ | સપ્ટેમ્બર-૧૮ ૩૨૬૬ | ઓક્ટોબર-૧૮ ૩૬૧૮ |
| એપ્રિલ-૧૯ ૩૬૫૪ | મે-૧૯ ૩૮૦૭ | જુન-૧૯ ૩૩૪૭ | જુલાઇ-૧૯ ૩૭૯૬ | ઓગષ્ટ-૧૯ ૨૦૧૯ | સપ્ટેમ્બર-૧૯ ૩૩૫૮ | ઓક્ટોબર-૧૯ ૩૪૯૫ |
| નવેમ્બર-૧૮ ૩૧૫૧ | ડિસેમ્બર-૧૮ ૩૩૩૫ | જાન્યુઆરી-૧૯ ૩૮૨૧ | ફેબ્રુઆરી-૧૯ ૩૬૯૫ | માર્ચ-૧૯ ૩૯૦૫ | કુલ-૨૦૧૮-૧૯ ૪૩૯૬૪ | |
| નવેમ્બર-૧૯ | ડિસેમ્બર-૧૯ | જાન્યુઆરી-૨૦ | ફેબ્રુઆરી-૨૦ | માર્ચ-૨૦ | કુલ-૨૦૧૯-૨૦ ૨૩૪૭૬ | |

**અખબારી નિવેદન :**

- "Micro Dissection & Macro Arithmetic of Corporate Tax Cut" વિષયે યોજવામાં આવેલ સેમિનાર અંગે (તા. ૧૨-૧૦-૨૦૧૯).
- દિવાળીના તહેવારો દરમ્યાન મિઠાઇ-ફરસાણનો વેપાર કરતાં વેપારીઓને તકેદારી રાખવાની માસ સૂચના અંગે (તા. ૨૧-૧૦-૨૦૧૯)
- "GCCI-Aspire-Empowering Start-ups Series-1 - Inspiration to Idea યોજવામાં આવેલ કાર્યક્રમ અંગે (તા. ૧૧-૧૦-૨૦૧૯)
- ફલેન્ડર્સ, બેલ્જીયમનું ડેલીગેશન ચેમ્બરની મુલાકાતે (તા. ૧૮-૧૧-૨૦૧૯).

**આઇટેમ નં. ૩ (કમિટિ અને સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)**

**૩.૧ (કમિટીઓની મીટીંગની માહિતી)**

નં. ૧ GCCI ની યુથવિંગના બોર્ડ મેમ્બરની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૧૧-૧૦-૨૦૧૯)

નં. ૨ ગુજરાત ચેમ્બરની ટ્રાન્સપોર્ટ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૨-૧૦-૨૦૧૯)

નં. ૩ ગુજરાત ચેમ્બરની એસેન્શીયલ કોમોડીટીઝ અને ફુડ સેફટી ટાસ્ક ફોર્સ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૨-૧૦-૨૦૧૯)

નં. ૪ GCCIની ઇનડાયરેક્ટ ટેક્ષ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા.(તા. ૧૫-૧૦-૨૦૧૯)

નં. ૫ GCCIની ફોરેન ટ્રેડ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૧૫-૧૦-૨૦૧૯)

નં. ૬ GCCIની એન્વાયર્મેન્ટ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૫-૧૦-૨૦૧૯)

નં. ૭ GCCIની IPR & Law કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૮-૧૦-૨૦૧૯)

નં. ૮ GCCIની MSME કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૯-૧૦-૨૦૧૯)

નં. ૯ GCCIની સ્કુટિની કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૧-૧૦-૨૦૧૯)

નં. ૧૦ GCCIની ફુડ અને ડેરી કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૪-૧૦-૨૦૧૯)

નં. ૧૧ GCCIની IPR & Law કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૨૫-૧૦-૨૦૧૯)

નં. ૧૨ GCCIની ફુડ અને ડેરી કમિટિની જી.આઇ.ડી.સી. ટાસ્ક ફોર્સ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૩૦-૯-૨૦૧૯)

## ૩.૨ (સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)

નં. ૧ Export-Import Promotion અંગે પરામર્શ કરવા મળેલ મિટિંગમાં ચેમ્બરના માનદ્-મંત્રી (રીજનલ) શ્રી દિલીપ પાધ્યાની ઉપસ્થિતિ (તા. ૧૧-૧૦-૨૦૧૯)

નં. ૨ ઇન્ડેક્ષ-બીની ગવર્નીંગ બોડીની મળેલ મિટિંગમાં ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચની ઉપસ્થિતિ. (તા. ૧૬-૧૦-૨૦૧૯)

નં. ૩ નવી ઔદ્યોગિક નીતિ અંતર્ગત સ્ટાર્ટ-અપ અંગે મળેલ ટાસ્ક ફોર્સની મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી ચિરંજીવ પટેલની ઉપસ્થિતિ. (તા. ૧૬-૧૦-૨૦૧૯)

નં. ૪ ગાંધીનગર ખાતે Rehabilitation of Sick Units અંગે ટાસ્ક ફોર્સની મળેલ મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી હેમંત શાહ ની ઉપસ્થિતિ. (તા. ૧૭-૧૦-૨૦૧૯)

નં. ૫ સ્ટેટ એક્સપોર્ટ એડવાઇજરી કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરના માનદ્-મંત્રી(રીજનલ) શ્રી દિલીપ પાધ્યાની ઉપસ્થિતિ (તા. ૨૧-૧૦-૨૦૧૯)

નં. ૬ ગાંધીનગર ખાતે મળેલ ટ્રેડ, કોમર્સ અને સર્વિસ સેક્ટરની નવી ઔદ્યોગિક નીતિ માટેની ટાસ્ક ફોર્સની મિટિંગમાં ચેમ્બરના માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજરની ઉપસ્થિતિ (તા. ૨૩-૧૦-૨૦૧૯)

નં. ૭ ગાંધીનગર ખાતે Environment Conservationની નવી ઔદ્યોગિક નીતિના ઘડતર માટે મળેલ ટાસ્ક ફોર્સની મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી યોગેશ પરીખની ઉપસ્થિતિ. (તા. ૨૩-૧૦-૨૦૧૯)

નં. ૮ ગાંધીનગર ખાતે મળેલ STRIVE ની સ્ટેટ સ્ટીયરીંગ કમિટિની મિટિંગમાં ચેમ્બરના ડે. સેક્રેટરી જનરલ શ્રી પૌલિક દેસાઇની ઉપસ્થિતિ. (તા. ૪-૧૧-૨૦૧૯)

નં. ૯ ગુજરાત સરકારની "Ease of Doing Business"ની ટાસ્ક ફોર્સ કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી બિપિન શુક્લની ઉપસ્થિતિ (તા. ૯-૧૧-૨૦૧૯)

નં. ૧૦ Industrial Infra & Developmentની નવી ઔદ્યોગિક નીતિના ઘડતર માટેની ટાસ્ક ફોર્સ કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરના માનદ્-મંત્રી (રીજનલ) શ્રી દિલીપ પાધ્યાની ઉપસ્થિતિ (તા. ૧૩-૧૧-૨૦૧૯)